# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૮ ● અંકઃ ૩૪૬ ● તારીખઃ ૨૩.૧૦.૨૦૨૩, સોમવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૪.૦૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



સમય સંદેશ

જાહેરાત, પ્રેસનોટ, ટ્યૂકડી જાહેરાત, મરણ નોંધ તેમજ જન્મદિવસની શુભકામના આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

આકાશ ગંગા એપાર્ટમેન્ટ, ભંગાર બજાર રોડ, જામનગર. મો.૮૮૬૬૦૬૬૦૬૦

ઉપરાંત.. અમારા માન્ય ડિસ્ટ્રીબ્યુટરનો પણ સંપર્ક કરી શકો છો..

આશાપુરા ન્યૂઝ એજન્સી

કે.પી. જાડેજા હવાઈચોક, જામનગર મો.૯૩૨૮૧૦૪૧૮૨


**આજનો સુવિચાર**

જાહેરમાં કહેલાં સાચા શબ્દો અપમાનકારક હોઈ શકે, પણ એકાંતમાં કહેલાં તે જ શબ્દો ઉપદેશ આપનારા હોય છે!



મોરકંડા તાલુકા શાળામાં ચાર વર્ગખંડોનું લોકાર્પણ

વાંચો પાના નં. 02



સ્તન કેન્સર અંગે જીજીના મહિલા તબીબની ટકોર

વાંચો પાના નં. 03



ધીમી પરંતુ મક્કમ ચાલથી ભારત જગતગુરુ બનવાની દિશામાં અગ્રેસર

વાંચો પાના નં. 04

### અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને DRIને મળી મોટી સફળતા

# ઔરંગાબાદમાંથી ડ્રગ્સ બનાવતી ફેક્ટરીનો કર્યો પર્દાફાશ, ૫૦૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને DRIને ભેગામળીને મોટા ઓપરેશનને અંજામ આપ્યો છે. ક્રાઈમ બ્રાન્ચ અને DRIની ટીમે મહારાષ્ટ્રના ઔરંગાબાદમાંથી ડ્રગ્સ બનાવવાના કાચા સામાન સહિત ૫૦૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સાથે જ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ૩ આરોપીઓની ધરપકડ પણ કરી છે. મહારાષ્ટ્રમાંથી ડ્રગ્સની ફેક્ટરી ઝડપાતા મહારાષ્ટ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. તો ક્રાઈમ બ્રાન્ચ અને DRIની કાર્યવાહી બાદ દેશની સુરક્ષા એજન્સીઓ પણ એક્ટિવ થઈ ગઈ છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ અને ડીસીપી ડ્રગ્સ મામલે તપાસ કરી રહ્યા હતા. આ દરમિયાન તેઓને ઔરંગાબાદની એક કડી મળી હતી. જે બાદ આ મામલે ક્રાઈમ બ્રાન્ચના પી.આઈએ DRI પાસે મદદ



અનુ પાના નં.૨ પર

## પડોશીઓ સાથે સારા સંબંધો જાળવી રાખવા પડશેઃ નવાઝ શરીફ



પાકિસ્તાન પરત ફર્યા બાદ નવાઝ શરીફ નરમ પડ્યા છે પાકિસ્તાનના પૂર્વ પીએમ નવાઝ શરીફે કહ્યું કે આપણે આપણા

અનુ પાના નં.૨ પર

# તોફાની ચક્રવાત તેજના હાઉ વચ્ચે હવામાન વિભાગ દ્વારા હાઈ એલર્ટ

### ૨૫ ઓક્ટોબરની સવારે ચક્રવાત યમન અને ઓમાનના દરિયાકાંઠાને પાર કરશે

તોફાની ચક્રવાત તેજના હાઉ વચ્ચે હવામાન વિભાગ દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જેમાં હવામાન વિભાગે કહ્યું કે અરબી સમુદ્ર પર થયેલ દબાણ હવે ચક્રવાત તેજમાં પરિવર્તિત થયું છે. જેનું પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી પણ દબાણ બની રહ્યું છે અને આગામી ૨૪ કલાક એટલે કે ૨૨ ઓક્ટોબરને સાંજ સુધીમાં તે ગંભીર ચક્રવાતી તોફાનમાં બદલાઈ શકે છે. સાથે હવામાન વિભાગે એવું પણ એલર્ટ જારી કર્યું છે કે લગભગ ૨૫ ઓક્ટોબરની સવારે ચક્રવાત યમન અને ઓમાનના દરિયાકાંઠાને પાર કરશે.



અગાઉ, IMD ચક્રવાતી તોફાન રવિવારે એક ગંભીર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ અને ઓમાન નજીકના યમનના દક્ષિણ કિનારા તરફ આગળ વધે તેવી આગાહી કરી હતી. ઈંખઉ અનુસાર આ વર્ષે અરબી સમુદ્રમાં સર્જાયેલું આ બીજું ચક્રવાતી તોફાન છે. જેનું નામ 'તેજ' રખાયું છે.

આગાહીને પગલે હવામાનશાસ્ત્રીઓના જણાવાયા અનુસાર ક્યારેક આગાહી અનુસાર આ તોફાન પોતાનો માર્ગથી ભટકી શકે છે, ચક્રવાત 'બિપરજોય'ની વાત કરવામાં આવે તો આ વાવાઝોડાના કિસ્સામાં આવું થયું હતું આ તોફાન જૂનમાં અરબી સમુદ્રમાં સર્જાયું હતુ.

અનુ પાના નં.૨ પર

## જ્ઞાનવાપી કેમ્પસમાં વજુખાના વિસ્તારનો કોઈ એએસઆઈ સર્વેક્ષણ થશે નહીંઃ કોર્ટે અરજી ફગાવી દીધી

સુપ્રીમે પોતાના આદેશમાં આ વિસ્તારને સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો હતો, તેથી હવે આ મામલે કોઈ નિર્ણય લઈ શકાય નહીં



વારાણસીની જિલ્લા અદાલતે જ્ઞાનવાપી સંકુલમાં વજુખાના વિસ્તારના અર્જીઈ સર્વેક્ષણ મેળવવા માટે હિન્દુ પક્ષની રાખી સિંહની અરજીને ફગાવી દીધી છે. જિલ્લા ન્યાયાધીશે કહ્યું કે સુપ્રીમ કોર્ટે ૧૭ મે, ૨૦૨૨ના પોતાના આદેશમાં આ વિસ્તારને સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો હતો, તેથી હવે આ મામલે કોઈ નિર્ણય લઈ શકાય નહીં

# બહુચરાજી વિસ્તાર વિકાસ સત્તા મંડળની કરાઈ રચના

### બહુચરાજીના વિકાસ માટે મુખ્યમંત્રીનો મહત્વનો નિર્ણયઃ ૭ ગામોની ૮૨૫ હેક્ટર જમીનને સત્તા મંડળમાં આવરી લેવાઈ

મહેસાણાના પ્રસિદ્ધ યાત્રાધામ શકિતપીઠ બહુચરાજી અને તેના આસપાસના વિસ્તારનો આર્થિક અને સુવિધાકીય વિકાસ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોટી જાહેરાત કરી છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે બહુચરાજી તાલુકાના સાત ગામોની ૮૨૫ હેક્ટર જમીનનો બહુચરાજી વિસ્તાર વિકાસ મંડળમાં સમાવેશ કર્યો છે. બહુચરાજી તાલુકા અને તેની નજીક આવેલા અમદાવાદ, સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લાના ઔદ્યોગિકરણને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે આ નિર્ણય લીધો છે.

બહુચરાજી અને તેના આસપાસના વિસ્તારમાં મારુતિ અને હોન્ડા જેવી મોટી કંપનીઓ ઉપરાંત ૪૦થી વધુ કંપનીઓ નિર્માણ પામેલી છે. આથી બહુચરાજીમાં રહેણાંક અને ધંધાકીય સ્થળો ખૂબ જ વધી ગયા છે અને તેની સામે જરૂરી માળખાકીય સુવિધાઓનું અસ્તિત્વ જ નથી. આ કારણે રસ્તા, પાણી, ભૂગર્ભ ગટર, સ્ટ્રીટ લાઈટો, બાગ બગીચા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ગુજરાત સરકારે બહુચરાજી વિસ્તાર વિકાસ સત્તા મંડળ બનાવવાનો નિર્ણય કરાયો છે.

બહુચરાજી તાલુકાના શંખલપુર, કાલરી, ગણેશપુરા, ફિંચડી, પ્રતાપગઢ, ડેડાણા અને એંદલા ગામની કુલ ૮૨૫ હેક્ટર જમીનનો બહુચરાજી વિસ્તાર વિકાસ મંડળમાં સમાવેશ કરાયો છે. મહેસાણા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બહુચરાજી વિસ્તાર વિકાસ સત્તા મંડળ કામ કરશે અને માળખાકીય સુવિધાઓ અહીં ઉપલબ્ધ કરાવીને ધાર્મિક અને આર્થિક બંને સ્તરે વિકાસ થાય એ માટે પ્રયાસો કરવામાં આવશે.

બહુચરાજી વિસ્તાર વિકાસ મંડળ નામની સંસ્થાની સરકાર દ્વારા રચના કરવામાં આવી છે. જે બહુચરાજીની આજુબાજુના વિસ્તારની સુવિધા, સવલતો અને વ્યવસ્થાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ અંગે સીએમ

અનુ પાના નં.૨ પર



# બીજેપી સાંસદે મહુઆ મોઈત્રા વિરુદ્ધ તપાસ માટે લોકપાલને પત્ર લખ્યો

મહુઆ મોઈત્રા સંબંધિત ''પ્રશ્નો માટે રોકડ'' વિવાદ વધી રહ્યો છે. હવે બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ લોકપાલને પત્ર લખીને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાની કાર્યવાહીની તપાસની માંગ કરી છે. બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ ડ પર એક પોસ્ટમાં લખ્યું છે- ''હું ઈઈઈ-ઈઈઈ સાંભળીને થાકી ગયો છું.'' આજે લોકપાલમાં ફરિયાદ નોંધાવી હતી. માત્ર લોકપાલ જ સાંસદો અને મંત્રીઓના ભ્રષ્ટાચાર પર નજર રાખે છે, સીબીઆઈ તેનું માધ્યમ છે.

બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ અગાઉ મહુઆ મોઈત્રા પર પૈસા માટે



દેશની સુરક્ષાને ગીરવે રાખવાનો આરોપ લગાવ્યો હતો. ભ્રષ્ટાચાર વિરોધી સત્તા લોકપાલને આપવામાં આવેલી ફરિયાદમાં, નિશિકાંત દુબેએ કહ્યું છે કે તેમની પાસે સુપ્રીમ કોર્ટના વકીલ જય અનંત દેહાદરાયનો એક પત્ર છે, જેમાં મહુઆ મોઈત્રા વિરુદ્ધ ''વિગતવાર પુરાવા સાથે અવ્યવસ્થિત તથ્યો'' છે. ફરિયાદમાં જણાવાયું છે કે, ''દેહાદરાયે પત્રમાં વિગતવાર જણાવ્યું છે કે મોઈત્રાએ બિઝનેસમેન દર્શન હિરાનંદાની પાસેથી કેવી રીતે, ક્યારે અને ક્યાં લાંચ લીધી.

આ પત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે કેવી રીતે મહુઆ મોઈત્રાએ બિઝનેસમેન દર્શન

અનુ પાના નં.૨ પર

## બીજેપી સાંસદ નિશિકાંત દુબેએ અગાઉ મહુઆ મોઈત્રા પર પૈસા માટે દેશની સુરક્ષાને ગીરવે રાખવાનો આરોપ લગાવ્યો હતો

### રાજકોટમાં આજીડેમ ચોકડી પાસે અકસ્માતમાં ચોંકાવનારો ઘટસ્ફોટ

# પતિએ તેની પત્નિ, તેના પ્રેમી અને બાળકને કન્ટેનર ચડાવી હત્યા કરી

### પોલીસે આરોપી પતિને ઝડપી પાડી તેની વિરૂદ્ધ કાયદેસરના કાર્યવાહી હાથ ધરી




રાજકોટ આજીડેમ ચોકજી પાસે કન્ટેનરે બાઈકને અડફેટે લેતા બાઈક પર સવાર ૧૦ વર્ષીય બાળક સહિત ત્રણ લોકોનાં મોત નિપજ્યા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં ૨૪


અનુ પાના નં.૨ પર

### સમી-રાધનપુર હાઈવે પર બે કાર વચ્ચે ભયંકર ટક્કર

# મહિલા પોલીસકર્મી સહિત ૩ના મોત, ૯ લોકોને ઈજા

પાટણનાં સમી-રાધનપુર હાઈવે પર બે કાર વચ્ચે અકસ્માત સર્જાતા ૩ લોકોનાં ઘટનાં સ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે ૯ લોકોને સારવાર અર્થે ખસેડાયા હતા. ત્યારે આ ગમખ્વાર અકસ્માતમાં મહિલા પોલીસકર્મી રેખાબેન અને તેમનાં પતિનું મોત નિપજ્યું હતું. જ્યારે બીજી કારમાં ૯ લોકોને નાની મોટી ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યારે ૧ બાળકનું મોત નિપજ્યું હતું.

# જામનગર આરએસએસ દ્વારા વિજય દશમી નિમિતે શહેરમાં પથ સંચલન

તસવીરઃ જીતુ સોલંકી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દર વર્ષે વિજયાદશમી નિમિતે પૂરા દેશ ભરમાં પથ સંચલન (પરેડ) નું આયોજન થતું હોય છે તેવી જ રીતે જામનગરમાં તારીખ ૨૧ ઓક્ટોમ્બર રવિવાર ના રોજ પૂર્ણ ગણવેશ તથા દંડ સાથે શિસ્ત બદ્ધ ૨૦૦ જેટલા વ્યવસાયી સ્વયંસેવકો નું પથ સંચલન થયું.

# હત્યાના કેસમાં પરપ્રાંતિય શખ્સનો નિર્દોષ છુટકારો

ગત તા. ૧૯-૧૧-૨૦૨૦ના રોજ લાલપુર ગામથી ગજાણા ગામ જતા માર્ગ ઉપર આવેલ રાધણવા નદીના પુલ પાસે ગુજ. જયેશની લાશ મળી આવેલ અને ગુજ. જયેશનું પ્રેમસબંધના અનૈતિક સંબંધના કારણે પરપ્રાંતિય શખ્સ સમરીયા ઉર્ફે શંકર જીતરાએ પથ્થર તથા લોખંડ કોસ વડે આડેધડ ઘા મારી મોત નીપજાવી અને ગુજ.ના મોબાઇલ તથા પાકીટની લુંટ કરી નાસી ગયેલની ફરીયાદ ગુજ.ના ભાઇ નિલેશભાઇએ લાલપુર પો.સ્ટે.માં નોંધાવી ત્યારબાદ આરોપી સામે આઇ.પીસી કલમ વિગેરે મુજબનો ગુનો નોંધાયેલ ત્યારબાદ તપાસના અંતે આરોપી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયેલ અને ત્યારબાદ આ કેસ જામનગરના ત્રીજા એડી. સેશન્સ જજ સમક્ષ ચલાવવામાં આવેલ તેમાં સરકારપક્ષે નજરે જોનાર સાહેદ તથા ડોકટર તથા ત.ક.અ. અધિકારીની જુબાનીઓ લેવામાં આવેલ અને દલીલો કરવામાં આવેલ અને આ કેસમાં આરોપીના વકીલ દ્વારા સદરહું રજુ થયેલ તમામ પુરાવા સામે વાંધો લઇ વિસ્તૃત ઉલટ તપાસ કરવામાં આવેલ અનેકેસમાં ધારદાર દલીલ કરી આરોપીને છોડી મુકવા અરજ કરેલ અનેઆરોપીના વકીલની દલીલ માન્ય રાખી સેશન્સ જજે આરોપીને ખુન તથા લુંટના ગુનામાંથી નિર્દોષઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલછે. જેમાં જજ સાહેબએ તેવું જણાવેલ કે બનાવમાં નજરે જોનાર સાહેદએ બનાવની કોઇ વિગત રેકર્ડ પર લાવેલનથી તમામ પંચો ફરી ગયેલ છે અને આમ, સરકાર પોતાનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેવા તારણો આપી આરોપીને છોડી મુકતો ચુકાદો જાહેર કરેલછે. આ કેસમાં એપેલન્ટ તરફે વકિલ અજય વી. પટેલ તથા પરેશ એમ. નંદા તથા સંદીપ બી. લખીચર રોકાયેલ હતા.

# સલાયા લોહાણા મહાજન દ્વારા નવરાત્રિનું ભવ્ય આયોજન



સલાયા લોહાણા મહાજન દ્વારા છેલ્લા ૬૮ વર્ષથી નવરાત્રિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે ચાલુ વર્ષે તા. ૧૫ ઓકટોબરથી ૨૪ ઓકટોબર તરીકે નવરાત્રિનું ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. આ નવરાત્રિના આયોજન અંતર્ગત તા. ૯ ઓકટો. થી બાળાઓ માટે રાસની પ્રેકટીસ સાંજે ૫ થી ૭ દરમ્યાન શરૂ કરવામાં આવનાર છે, ભાગ લેવા ઇચ્છતી બાળાઓએ નામ નોંધાવી દેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરકંડા તાલુકા શાળામાં ચાર વર્ગખંડોનું લોકાર્પણ




મોરકંડા તાલુકા શાળામાં દાતા ભારતીબેન પ્રફુલભાઇ જયંતિલાલ દેવરાજ નાગડા અને રેણુકાબેન એ શાહ દ્વારા ચાર વર્ગખંડોનું બાંધકામ થયેલ. જેનું લોકાર્પણ તા.૨૯-૯-૨૩ને શુક્રવારના રોજ યોજાયેલ આ લોકાર્પણ કાર્યક્રમમાં દાતા ભારતીબેન નાગડા, પ્રફુલભાઇ નાગડા, ડી.પી.ઇ.ઓ. પી.એન. પાલા, ટી.પી.ઇ.ઓ એચ.આર. હડિયા, તાલુકા પ્રાથમિક સંઘના મહામંત્રી પંકજભાઇ વીરડીયા, ખજાનચી દીલીપભાઇ રાઠોડ, રાજયસંઘના સભ્ય ભુપતસિંહ, હાઇસ્કુલના આચાર્યા રેખાબેન ચાવડા, એસએમસી અધ્યક્ષ જીતેન્દ્રભાઇ, દાતાના પ્રતિનિધિ કારાભાઇ ખરા, ગામના આગેવાનો, પેટા શાળાના આચાર્યો તેમજ બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભવ્ય સત્કાર સન્માન કરવામાં આવ્યું. અંતે બધાએ સાથે ભોજન લીધું. સંચાલન અમીતાબેન તથા સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય ગુલાબભાઇ ચૌહાણે કરેલ. શાળા પરિવાર તથા એસ.એમ.સી. મોરકંડા દ્વારા કાર્યક્રમને સફળ બનાવ્યો.

## તંત્રી સ્થાનેથી..

### માર્ગ સલામતી..


એ સારી વાત છે કે સડક સુરક્ષા અંતર્ગત યાત્રી બસોના ડ્રાઈવરોને કેટલીય નવી સુવિધાઓથી સજ્જ કરવાનાં પગલાં ભરવામાં આવી રહ્યા છે. સુરક્ષાના નવા માપદંડોને અપનાવવાથી ડ્રાઈવરોને એ જોવામાં ઘણી આસાની રહેશે કે તેમની બસની પાછળ અથવા આસ-પાસ શું છે. સુરક્ષાના આ નવા માપદંડોને એક જરૂરી સુધાર માનવામાં આવી રહ્યો છે, પરંતુ વાત ત્યારે બનશે જ્યારે અન્ય તમામ મોટાં વાહનોમાં પણ સુરક્ષાના આવા જ માપદંડ અપનાવવામાં આવે, જેથી તેમના પણ ડ્રાઈવર દુર્ઘટનાઓથી બચાવ કરી શકે. સડક દુર્ઘટનાઓને રોકવા માટે દરેક સ્તર પર હરસંભવ ઉપાય પ્રાથમિકતાના આધાર પર કરવા જોઈએ, કારણ કે સડક દુર્ઘટના અને તેમાં જીવ ગુમાવવા અને ઘાયલ થનારાની સંખ્યા વધતી જ જાય છે. સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તરફથી હાલમાં જારી આંકડા અનુસાર ૨૦૨૨માં માર્ગ દુર્ઘટનાઓમાં ૧.૬૮ લાખ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા. ૨૦૨૧ના મુકાબલે ૨૦૨૨માં સડક દુર્ઘટનાઓમાં નવ ટકા વધારે લોકો મર્યા છે. એ જ રીતે ઘાયલ થનારાની ટકાવારી પણ વધી છે. આ આંકડા ૨૦૩૦ સુધી સડક દુર્ઘટનાઓમાં મરનારાઓની સંખ્યા ઓછી કરવાના દાવાની પોલ જ ખોલી રહ્યા છે. સડક દુર્ઘટનાઓ પર લગામ એટલા માટે નથી લાગી શકતી, કારણ કે સુરિક્ષત પરિવહન માટે જરૂરી ઉપાયો પર અમલ નથી કરવામાં આવતો. ના તો ટ્રાફિક પોલીસ દુર્ઘટનાઓ રોકવા માટે સતર્ક છે કે ના વાહન ચાલક. આપણા દેશમાં ટ્રાફિક નિયમોની સાથે સાથે સડક દુર્ઘટનાઓને રોકવા માટે કરવામાં આવેલ ઉપાયોનું મોટા પાયે ઉલ્લંઘન એટલા માટે થાય છે, કારણ કે દરેક રાજ્યમાં ટ્રાફિક પોલીસ સંખ્યા બળના અભાવે ઝઝૂમી રહી છે.

# પીએચડી થયા



જામનગર શહેરના હોનહાર અને મહેનતુ એવા સંધ્યાબેન હર્ષદરાય ભટ્ટએ સોશ્યલ સાયન્સમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટી દ્વારા પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. તેણીને આ પદવી મળતા સમસ્ત બ્રહ્મસમાજ, ભટ્ટ પરિવાર અને ત્રિવેદી પરિવારનું ગૌરવ વધાર્યુ છે અને અભિનંદન મળી રહ્યાં છે.

# સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનું ગૌરવ



તાજેતરમાં ભાવનગર ખાતે અંડર-૧૪ તથા અંડર-૧૭ જામનગરના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ધો. ૮ તથા ધો. ૯ માં અભ્યાસ કરતા જલ (જેરાડ) માડમ તથા મિશીત માડમની રાજયની ટીમમાં તથા ૨૪ કેમ્પમાં પસંદગી પામ્યા છે. જલ (જેરાડ) મયુર માડમની બાસ્કેટ બોલ અંડર-૧૪ ટીમમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા રાજયકક્ષાની ટીમમાં તેઓ પસંદગી પામ્યા છે, સાથોસાથ તેમના બંધુ મિશીત મયુર માડમ કે જેઓ ધો. ૯ માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં જ અભ્યાસ કરે છે, ૨૪ ખેલાડીઓના કેમ્પમાં તેમની પસંદગી થઇ છે. બન્ને માડમ બંધુઓ એકસાથે જ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કરે છે, બાસ્કેટ બોલમાં અંડર-૧૪ તેમજ કેમ્પમાં પસંદગી થતાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના આચાર્ય તથા કર્મચારી ગણ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. તેમની પસંદગીથી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનું અને માડમ પરિવારનું ગૌરવ વધાર્યું છે.

# વીજ કર્મીનો નિવૃત વિદાય સમારોહ યોજાયો



તસવીરઃ જીતુ સોલંકી

જામનગર પીજીવીસી એલ સીટી ૧ ડિવીઝનના દરબારગઢ સબ ડીવીજનમાં ફરજ બજાવતા ટેકનિકલ સ્ટાફ ખરાડીભાઇ અને ચાવડાભાઇ ઉંમર વયમર્યાદાના કારણે નિવૃત થતાં તેમનો વિદાય કાર્યક્રમ તા.૩૦-૯-૨૩ શનિવારના રોજ યોજાઇ ગયો.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દરબારગઢ સબ ડિવીજનના ડેપ્યુટી ઇજનેર સુરેશભાઇ પરમાર, જુનિયર ઇજનેર હિરેનવડગામા, જુનિયર ઇજનેર કોમલ ચંદારાણા તેમજ ટેકનિકલ સ્ટાફ અને રેવન્યુ વિભાગમાં ફરજ બજાવતાં નરેશભાઇ સિંગરખીયા, દિપેનભાઇ ચાવડા, પી.ડી. ખાખરીયા તેમજ દર્શના નકુમ, નીલમ પરમાર, ફાલ્ગુની જમોડ બરખા પટેલ જાગૃતિ જોશી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## અનુસંધાન

### વંદે ભારત

(પાના નં. ૪ થી આગળ)

એક્સપ્રેસ ટ્રેનના શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મુસાફરોને માટે તેમના અનુરુપતાને ધ્યાને રાખીને આ ફેરફાર કરવામાં આવ્યો છે.

ટ્રેન નંબર ૨૨૯૨૫ અમદાવાદ-જામનગર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૨૭ ઓક્ટોબર થી અમદાવાદ થી ૧૭.૫૫ કલાકને બદલે ૧૮:૧૦ કલાકે ઉપડશે. બાદમાં ૧૮:૧૫ કલાકે સાબરમતી, ૧૮:૩૦ કલાકે સાણંદ, ૧૮.૫૮ કલાકે વિરમગામ, ૧૯:૪૩ કલાકે સુરેન્દ્રનગર, ૨૦.૩૧ કલાકે વાંકાનેર, ૨૧.૦૩ કલાકે રાજકોટ તથા ૨૨.૩૫ કલાકે જામનગર પહોંચશે.

ટ્રેન નંબર ૨૨૯૨૬ જામનગર - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ ૨૭ ઓક્ટોબરથી જામનગરથી ૦૫:૩૦ કલાકને બદલે ૫:૪૫ કલાકે ઉપડશે. જ્યારે ૬:૩૫ કલાકે રાજકોટ, ૭:૧૧ કલાકે વાંકાનેર, ૮:૦૬ કલાકે સુરેન્દ્રનગર, ૮:૪૮ કલાકે વિરમગામ, ૦૯:૧૬ કલાકે સાણંદ, ૯:૩૪ કલાકે સાબરમતી તથા ૧૦:૧૦ કલાકે અમદાવાદ પહોંચશે.

ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ ના ૨૭ ઓક્ટોબર થી વિરમગામ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૧૮:૫૬/૧૮:૫૮ કલાકને બદલે ૧૮:૫૦/૧૮:૫૨ કલાકનો રહેશે.ટ્રેન નંબર ૧૯૧૦૭ ભાવનગર -એમસીટીએમ (ઉધમપુર) જન્મભૂમિ એક્સપ્રેસ ટ્રેનનો ૨૯ ઓક્ટોબર થી વિરમગામ સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો સમય ૦૮:૩૦/૮:૩૨ કલાકને બદલે ૦૮:૨૫/૦૮:૨૭ કલાકનો રહેશે.

### સાધારણ સભા

(પાના નં. ૩ થી આગળ)

ચેરમેન ધીરજલાલ આર. કારીયા તથા વા.ચેરમેન પી.એન. આર. વિજયન દ્વારા સંતોષકારક રીતે જવાબ આપવામાં આવેલ હતા.

સંસ્થાના ખજાનચી જતીનભાઇ જે. મહેતા દ્વારા સંઘના વાર્ષિક હિસાબોના વિગતવાર જવાબો આપેલ હતા. મીટીંગમાં કારોબારી સભ્યો જયરામભાઇ ગણાત્રા, અરવિંદભાઇ એન. મહેતા તથા અન્ય સંઘના કારોબારી સભ્યો તેમજ બહોળી સંખ્યામાં પ્લોટ ધારક સભ્યોઓએ હાજરી આપેલ હતી. અંતમાં સંઘના માનદમંત્રી મનસુખભાઇ કે. આકોલાએ ઉપસ્થિત સભ્યોની હાજરી આપવા બદલ આભાર માન્યો હતો. આ સભાનું સંચાલન સંઘના મેનેજર ધીરજ નકુમ દ્વારા કરવામાં આવેલ હતું.

### સ્તન કેન્સર

(પાના નં. ૩ થી આગળ)

જીવનશૈલી કેળવવી, શરીરનું વજન નિયંત્રણમાં રાખવું, કસરત કરવી, વ્યસનથી દૂર રહેવું, પ્રસુતી બાદ સ્તનપાન કરાવવું વગેરે જેવી બાબતો પણ ખૂબ જ મહત્વની છે અને આ બાબતો અનુસરવાથી જ આપણે આ કેન્સર સામેની લડાઈ સરળતાથી જીતી શકીશુ.

### નવું પ્લેટફોર્મ

(પાના નં. ૩ થી આગળ)

જણાવે છે કે જામનગરમાં પ્રથમ વખત વાઇબ્રન્ટ સમિટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગરની બાંધણી વિશ્વભરમાં પ્રખ્યાત છે. બાંધણીને વિશ્વ સ્તરે પહોંચાડવા માટે અને બાંધણીના કારીગરોને આવક પ્રાપ્ત થાય તે માટે વાઇબ્રન્ટ જામનગરમાં અમને સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો. ત્યાં ઘણા બધા હોલસેલના વેપારીઓએ મુલાકાત લીધી અને સારો સહકાર મળ્યો છે. જામનગર જિલ્લાના હજારો કારીગરો બાંધણીના વ્યવસાય સાથે જોડાયેલા છે. સરકારે દરેક જિલ્લાઓમાં વાઇબ્રન્ટ સમિટનું આયોજન કર્યું તેના થકી અનેક નાના મોટા વેપારીઓને ફાયદો થશે અને આવકના નવા સ્ત્રોતનું સર્જન થશે તે બદલ હું સરકારનો આભારી છું.

### અઢી લાખનો

(પાના નં. ૩ થી આગળ)

અને સારવાર કરેલ જે અંગેની પોલીસ ફરિયાદ સિક્કા પોલીસ સ્ટેશન જી. જામનગરમાં તા.૨૬-૧૦-૨૧ના રોજ કાર નં. જીજે ૧૦ ડીએ ૦૮૪૯ના ચાલક સામે ગુન્હો નોંધાયેલ. ત્યારબાદ તેઓને થયેલ ઈજા બદલ જામનગરની કોર્ટમાં વળતર રૂા. અઢી લાખનો દાવો દાખલ કરતાં વીમા કંપનીને હાજર થવાનો હુકમ એમ.એ.સી.ટી.ના જજએ કરેલ. આ કેસમાં વકીલ સુરેશ વી. પરમાર, અનિલ વી. પરમાર તથા પરેશ પી. નકુમ રોકાયેલા છે.

### વાછરાભાની જાતર

(પાના નં. ૩ થી આગળ)

લાહવો લીધો હતો ત્યાર બાદ ભવ્ય રીતે પરંપરાગત રીતે રાસ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાઈઓ દ્વારા ચાબકી રાસ તેમજ બેહનો દ્વારા ચારણી પરંપરા મુજબ દેવી રાસ રમવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ બેહનો જોડાયા હતા આ જાતર ની ઉજવણીમાં સમસ્ત બેહ ગામ સાથે આજુબાજુના ચાર બારા, ચુડેશ્વર, કાલાવડ, ગોઈજ,પરોડીયા તેમજ જાકસીયા, વડત્રા, બેરાજા, નાના આસોટા, મોટા આસોટા, સહિતના આજુબાજુ ગામના લોકો સાગમટે ઉમટ્યા હતા તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા સહિત સૌરાષ્ટ્ર ભરમાંથી અઢારેય વર્ણના લોકોએ દર્શન નો લાભ લીધો હતો બેહ ગામના સરપંચ પ્રવીણભાઈ ગઢવી તેમજ સમસ્ત બેહ ગામ દ્વારા સુચારૂ આયોજન કરાયું હતું અને શાંતિપૂર્ણ માહોલમાં જાતરની ઉજવણી થઇ હતી પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત રહ્યો હતો.

### ડ્રગ્સ બનાવતી

(પાના નં. ૧ થી આગળ)

માંગી હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચ અને ડીઆરઆઈની ટીમે એક એક્શન પ્લાન બનાવ્યો હતો અને બંને ટીમો સીધી ઔરંગાબાદ ખાતે પહોંચી હતી. આ દરમિયાન તેઓએ ઔરંગાબાદના ઔદ્યોગિક વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન એક કારખાનામાંથી ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવતા ક્રાઈમ બ્રાન્ચ અને ડીઆરઆઈની ટીમ ચોંકી ગઈ હતી. ક્રાઈમ બ્રાન્ચ અને ડીઆરઆઈની સંયુક્ત કાર્યવાહીમાં ૨૦૦ કરોડનું ડ્રગ્સ અને ૩૦૦ કરોડનું રો-મટિરિયલ મળી કુલ ૫૦૦ કરોડનો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો છે. જે બાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવતા પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, ઔરંગાબાદની અલગ અલગ ૩ કંપનીઓમાં ડ્રગ્સ બનતું હતું. ક્રાઈમ બ્રાન્ચે ૩ આરોપીઓની ધરપકડ પણ કરી છે.

### નવાઝ શરીફ

(પાના નં. ૧ થી આગળ)

પડોશીઓ સાથે સારા સંબંધો જાળવી રાખવા પડશે. દુનિયા સાથે તાલમેલ બહેતર બનાવવો પડશે. પાડોશીઓ સાથે લડીને આપણે પ્રગતિ કરી શકતા નથી. આપણે આપણા પગ પર ઊભા રહેવાનું છે. આપણી કોમી એકતા મજબૂત કરવી પડશે.

### હાઈ એલર્ટ

(પાના નં. ૧ થી આગળ)

જે શરૂઆતમાં ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધ્યા બાદ ગુજરાતના માંડવી અને પાકિસ્તાનના કરાચી તરફ ફંટાયું હતું. ઈંખઉએ એવું પણ જણાવ્યું કે ચક્રવાત તેજ પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશામાં ઝડપથી આગળ વધવાની શકયતા છે જ્યારે ગુજરાત પશ્ચિમમાં આવતું હોવાથી હાલ કોઈ અસર થાય તેવી શકયતા નથી. વધુમાં ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી હવામાન સૂકું રહે તેવું હવામાન વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયું છે.

### બહુચરાજી

(પાના નં. ૧ થી આગળ)

ભૂપેન્દ્ર પટેલ દ્વારા પણ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવામાં આવી છે. તેઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (અગાઉ ટ્વિટર) પર લખ્યું છે કે, આજે દુર્ગાષ્ટમીનું પાવન પર્વ ઉત્તર ગુજરાતના સુપ્રિસદ્ધ શક્તિપીઠ યાત્રાધામ બહુચરાજી વિસ્તારના વિકાસ માટે માતાજીના આશિષ લઈને આવ્યું છે. આ વિસ્તારમાં ધાર્મિક અને આર્થિક પ્રવૃત્તિઓના વિકાસની પ્રબળ સંભાવનાઓ રહેલી છે, જેને વાસ્તવિક રૂપ આપવાની નેમ સાથે આજે બેચરાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવાનો નિર્ણય કર્યો છે.

### મહુઆ મોઈત્રા

(પાના નં. ૧ થી આગળ)

હિરાનંદાની પાસેથી લાંચ લીધી. દર્શન હિરાનંદાની પાસેથી બે કરોડ રોકડા લીધા હતા. ભારતીય અને વિદેશી ચલણ. દુબેએ કહ્યું, ''પત્રમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દર્શન હિરાનંદાની પાસે મહુઆ મોઈત્રાના લોકસભા લોગિન ઓળખપત્રોનો સીધો ઉપયોગ હતો અને જ્યારે મહુઆ મોઈત્રા વિદેશ પ્રવાસ પર હતી ત્યારે તેનો ઉપયોગ દર્શન હિરાનંદાની દ્વારા કરવામાં આવ્યો હતો.

### કન્ટેનર ચડાવી

(પાના નં. ૧ થી આગળ)

વર્ષીય નવનીત વરૂ તેમજ ૩૨ વર્ષીય પારૂલ દાફડા અને ૧૦ વર્ષીય બાળકનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. ત્યારે મૃતક મહિલા અને પુરૂષ કેટરિંગમાં કામ કરતા હતા. પોલીસે મૃતદેહોને પીએમ અર્થે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ આજીડેમ પાસે કન્ટેરની અડફેટે ત્રણ લોકોનાં મોત નિપજતા પોલીસે ગણતરીનાં કલાકોમાં જ કન્ટેનર ચાલકની ધરપકડ કરી તેની પૂછપરછ હાથ ધરતા કન્ટેનર ચાલકે સમગ્ર ઘટનામાં ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. જેમાં ખુદ પતિએ જ તેની પત્નિ, પ્રેમી અને બાળક પર કન્ટેનર ચડાવી તેઓની હત્યા કરી નાંખી છે. ત્યારે પોલીસે આરોપી પતિને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સતવારા યુવાનની છુટાછેડાની અરજી મંજુર

જામનગરમાં ગુલાબનગરમાં રહેતા સતવારા યુવાન ભરત બાબુભાઇ નકુમનાં લગ્ન ઢીચડા ગામમાં રહેતા મંજુલાબેન રણછોડભાઇ કણજારીયા સાથે ગુલાબનગર સતવારા સમાજના સમુહ લગ્નમાં થયેલ હતા ત્યારબાદ તેમના પતિ સાથે વારંવાર ઝઘડો કર્યા કરતા ત્યારબાદ વારંવાર માવતરે ચાલ્યા જતા અને પતિ મજુરીકામે ગયેલ હોય તે દરમ્યાન તેઓ કોઇને કહ્યા વિના ચાલ્યા જતા હતા. આ કુલ દસેક વખત પત્ની સાથે સમાધાન કરી પરત ઘરેલા લાવેલા અને પત્ની જયારે માવતરે જતી ત્યારે ભરણપોષણના કેસ કરતી તેથી અરજદાર દ્વારા વકીલ મારફત ફેમીલી કોર્ટમાં છુટાયેડાની અરજી દાખલ કરતા વકીલની વિસ્તૃત દલીલોને ધ્યાનમાં લેતા પતિદેવની અરજી મંજુર કરી છુટાછેડાનો હુકમ પ્રિન્સીપાલ ફેમીલી કોર્ટના એમ.એમ. પટેલે કરેલ. આ કેસમાં વકીલ સુરેશ વી. પરમાર, અનિલ વી. પરમાર તથા પરેશ પી. નકુમ રોકાયેલા હતા.

# જામનગરમાં સહકારી ઉદ્યોગનગર સંઘ-હાપાની સાધારણ સભા યોજાઇ



જામનગર સહકારી ઉદ્યોગનગર સંઘ લી. હાપાની ૬૩મી વાર્ષિક સાધારણ સભા તા.૧૫-૧૦-૨૩ને રવિવારના રોજહોટલ આરામ ખાતે સંઘના ચેરમેન ધીરજલાલ આર. કારીયાના અધ્યક્ષસ્થાને યોજાઇ ગઇ. સભાના અધ્યક્ષ અને સંઘના ચેરમેનએ હાજર રહેલ પ્લોટ ધારક સર્વે સભ્યોનું શબદોથી સ્વાગત કરી વર્ષ દરમ્યાન અનેક વિવિધ સુવિધાઓની વિગતવાર માહિતી રજુ કરેલ હતી. અને હાપા ઉદ્યોગનગર સંઘ ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવેલ. સ્વાગત પ્રવચન બાદ સંસ્થાના માનદમંત્રી મનસુખભાઈ કે. આકોલા દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી શરુ કરવામાં આવી હતી આ ઉપરાંત હાજર સભાસદો તરફથી પુછવામાંઆવેલ પ્રશ્નોના જવાબ

અનુ પાના નં.૨ પર

# સ્તન કેન્સર અંગે જીજીના મહિલા તબીબની ટકોર

## જેટલું વહેલું નિદાન એટલી જ સ્તન કેન્સર મટવાની શક્યતા વધારે-ડો.શિવાની ભટ્ટ







જેટલું વહેલું નિદાન એટલી જ કેન્સર મટવાની શક્યતા વધારે આ શબ્દો છે જામનગરમાં છેલ્લા દસ વર્ષથી કેન્સર સ્પેશિયાલિસ્ટ તરીકે સેવા આપી રહેલ ડો.શિવાની ભટ્ટના. ભારતમાં બહેનોમાં સ્તન કેન્સર એ સૌથી વધુ જોવા મળતું કેન્સર છે. ત્યારે વહેલા નિદાન થકી કેન્સરને મહાત આપી શકાય છે અને આ માટે ત્રણ બાબતો દરેક સ્ત્રીઓ માટે ખૂબ જ મહત્વની છે.

સ્તન કેન્સર સામે રક્ષણ મેળવવા ડો.ભટ્ટે મહિલાઓને ત્રણ મહત્વના સૂચન કરતાં જણાવ્યું છે કે પ્રથમ બાબત એ આપણા હાથમાં છે અને તે એટલે સ્તનની જાત તપાસ ૨૦ વર્ષથી મોટી ઉંમરની દરેક બહેનોએ દર મહિને નિયમિત રીતે પોતાના સ્તનની જાત તપાસ કરતા રહેવી જોઈએ અને જો ગાંઠ, લોહી નીકળવું, ચામડીમાં ફેરફાર વગેરે જેવા લક્ષણો જણાય તો શરમ કે સંકોચ રાખ્યા વગર તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો. બીજી મહત્વની બાબત છે કે જો કોઈ પણ પ્રકારની તકલીફ કે લક્ષણો જણાતા ન હોય તો પણ દર વર્ષે સ્ત્રીરોગ નિષ્ણાંત કે નજીકના ડોક્ટર પાસે સ્તન કેન્સર અંગેની તપાસ કરાવવી ખૂબ જ જરૂરી છે.ખૂબ જ નજીવા દરે થતી આ તપાસ આવનારી મુશ્કેલીમાંથી ઉગારી શકે છે.અને ત્રીજી મહત્વની બાબત છે સ્ક્રીનીંગ મેમોગ્રાફી. મેમોગ્રાફી એ સરળ રીતે થતી એક્સ-રે મશીનની તપાસ છે. ૪૦ થી ૪૫ વર્ષની ઉંમર પછી દરેક બહેનોએ કંઈ પણ તકલીફ ન હોય તેમ છતાં પણ મેમોગ્રાફીની તપાસ કરાવતા રહેવી જોઈએ. જ્યારે કોઈ જ લક્ષણો ન જણાતા હોય કે, કોઈ જ પ્રકારની મુશ્કેલી કે દુખાવો ન થતો હોય તેવા સંજોગોમાં પણ મેમોગ્રાફી મશીન સ્તનમાં રહેલી કેન્સરની નાનામાં નાની ગાંઠને પણ સરળતાથી પકડી પાડે છે અને જેને ઓછામાં ઓછી સારવાર સાથે મટાડી પણ શકાય છે.

વધુમાં ડો.ભટ્ટે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપતા જણાવ્યું છે કે કેન્સર સામે રક્ષણ મેળવવા યોગ્ય

અનુ પાના નં.૨ પર


# ગુડા ૨૦૨૨ અન્વયે અનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા કમિશ્નરને આવેદન



જામનગરમાં શહેરીકરણ ઝડપી ગતિ અને વિકાસલક્ષી કામના નિયમ માટે અમલવારીના તાલમેલ વચ્ચે ગેરકાયદે અનઅધિકૃત બાંધકામોની મેળવ્યા બાદ વધારાને બાંધકામને પરવાનગી ન મળતા અનેક લોકો નિરાશ થયા છે, જેના ભાગરૂપે ફેડરેશન ઓફ આર્ટીટેક્સ એન્ડ એન્જીનીયર્સ જામનગર દ્વારા જાડાના ચેરમેનને ઉદ્દેશીને લખાયેલું આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, જેમાં તા. ૧૭/૧૦/૨૦૨૨ થી ગુડા અમલમાં આવ્યું છે, તો કાયદાનું મનસ્વી રીતે અર્થઘટન કરવામાં આવે છે, તેવો આક્ષેપ આ આવેદનપત્રમાં કરવામાં આવ્યું છે અને કમ્પાઉન્ડ હોલ એલીવેશનમાં માત્ર બે ઇંચ બહાર હોય તો પણ ફાઇલને નામંજુર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં માત્ર ૮ થી ૯ ફાઇલ જ મંજુર કરવામાં આવી છે, આ અંગે ઘટતું કરવાની માંગણી એસો. દ્વારા કરવામાં આવી છે, મ્યુ. કમિશ્નરને અને જાડાને ચેરમેનને અપાયેલા આવેદનપત્રમાં સેંક્રેટરી આશિષ આશા, ઉપપ્રમુખ કલ્પેશ હડીયલ, જતીન જગતીયા, મહેન્દ્રભાઇ સોમૈયા, રજનીભાઇ માનસતા, દિપકભાઇ પાલા, કનુભાઇ લાલકીયા, પ્રકાશભાઇ બુમતારીયા સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# જામનગરના બાંધણીના કારીગરોને સરકારે નવું પ્લેટફોર્મ પૂરું પાડ્યું તે બદલ આભારઃ અબ્દુલભાઈ અરોરા





જામનગર શહેરમાં યોજવામાં આવેલ વાઈબ્રન્ટ જામનગર કાર્યક્રમ થકી નાના મોટા ઘણા ઉદ્યોગોને ફાયદો થયો છે. વાઈબ્રન્ટ સમિટના આયોજનમાં જિલ્લાની વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડકટસનું બ્રાન્ડિંગ થાય તે મુખ્ય હેતુ છે. જામનગર જિલ્લો બાંધણી, બ્રાસપાટ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. તાજેતરમાં જ જામનગરની બાંધણીને જીઆઇ ટેગ મળ્યો છે જે આપણા સૌ માટે ગર્વની વાત કહી શકાય. વાઈબ્રન્ટ સમિટમાં બાંધણીના સ્ટોલનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જામનગરના બાંધણીના કારીગર અબ્દુલભાઈ અરોરા

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ચેક રીટર્ન કેસમાં વેપારીને બે વર્ષની કેદની સજા

જામનગરનાં બ્રાસ પાર્ટ્સનાં એક વેપારી ને ૩ લાખ ૬૬ની રકમનો ચેક પરત ફરવાના કેસમાં અદાલતે બે વર્ષ ની સાદી કેદની સજાનો અને ચેકની બમણી રકમ ના દંડ નો હુકમ કર્યો છે.

જામનગરમાં મેટલ સ્ક્રેપ ( ઇન્ડિયા) નામથી બ્રાસપાર્ટ્સનાં જથ્થાબંધ સ્ક્રેપ ની ખરીદી - વેચાણનો ધંધો કરતી પેઢી પાસે થી જય જલારામ ઇન્ડ.વાળા કરશનદાસ ચત્રભુજ નંદા એ સ્ક્રેપની ઉધાર ખરીદી કરી હતી જેની ચુકવણી માટે ૩,૬૬,૧૬૦ ની રકમ નો ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફરતા મેટલ સ્ક્રેપ (ઇન્ડિયા )ના માલિક ગોપાલ રામપ્રસાદ કાબરાએ અદાલ માં ફરિયાદ નોંધાવી હતી. આ અંગેનો કેસ ચાલી જતા દસ માં એડી .ચીફ. જ્યુડિ.મેજિસ્ટ્રેટ આર બી ગોસાઈ એ જય જલારામ ઇન્ડસ્ટ્રીઝ વાળા કરસનદાસ છત્રભૂત નંદા ને મહત્તમ બે વર્ષ ની સાદી કેદની સજા અને ચેકની બમણી રકમ એટલે કે ૭,૩૨,૩૨૦ ની રકમનો દંડ અને તે રકમ માંથી ચેક મુજબની રકમ ફરિયાદી ને ચૂકવી આપવા તેમજ દંડની રકમના ભરે તો વધુ ચાર માસની સજાનો હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી તરફે વકીલ નાથાલાલ પી ઘાડિયા, પરેશ સભાયા, હિરેન સોનગરા, રાકેશ સભાયા, ગજેન્દ્રસિંહ ઝાલા અને નિમેશ ઉમરેટીયા રોકાયા હતા.

# હડીયાણા ગામના વાલજીને ચેક રીટર્ન કેસમાં ૧ વર્ષની કેદ

હડીયાણા, તા. જી. જામનગર ખાતે રહેલા વાલજી ભવાન નંદાસણાએ ફરીયાદી બાલસરા દિનેશ રામાભાઇને હાથ ઉછીની રકમના બાકી લેણાની ચુકવણી માટે ફરીયાદીના નામનો રૂા. ૨૮.૫૦.૦૦ (અંકે અઠાવીસ લાખ પચાસ હજાર પુરા)નો ધી જામનગર ડીસ્ટ્રીકટ કો-ઓપ. બેંક. લી. હડીયાણા શાખનો ચેક આપેલ હતો.

તે ચેક ફરીયાદીએ વસુલાત માટે પોતાનુ ખાતુ ધરાવતી બેંકમાં જમા કરાવતા તે ચેક વસુલ થયા વગર ફન્ડસ ઇન્સફીશ્યન્ટના શેરા સાથે પરત ફરેલ તેથી ફરીયાદીને ચેકવાળી રકમન નહી મળતા ફરીયાદીએ તેના વકીલ મારફત લીગલ નોટીસ આપીને રકમ ચુકવી આપવા જણાવેલ તે નિયમ સમય મર્યાદમાં ચેક મુજબની રકમ નહી ચુકવતા ફરીયાદીએ આરોપી વાલજી ભવાન નંદાસણા સામે જામનગરની કોર્ટમાં ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ - ૧૩૮ હેઠળ ફરીયાદ કરેલ. તે ફરીયાદ અન્વયે કેસ ચાલી જતા લેખીત તથા મૌખીક પુરાવા અને ફરીયાદ પક્ષે કરવામાં આવેલ દલીલ તથા સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના ચુકાદાઓ દ્યાને રાખી સિવીલ જજ વી.જી. ગઢવીએ વૃધ્ધ આરોપી વાલજી ભવાન નંદાસણાને તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદ અને ચેકની રકમ રૂા. ૨૮.૫૦ લાખનો દંડની રકમ ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરેલ છે ફરીયાદી તરફે વકીલ ડી.ડી. આચાર્ય તા કે.આર. સોલંકી રોકાયા હતા.

# વિદ્યાર્થીને અકસ્માતથી થયેલ ઇજા બદલ અઢી લાખનો દાવો

તા.૧૯-૧૦-૨૧ના રોજ સિક્કા ગામમાં રહેતા સોહમ સંજયભાઇ દવે બપોરના ૨ વાગ્યે અમારા ઘેર એટલે કે સિક્કા ગામેથી જામનગર શહેરમાં ટયુશન માટે આવવા માટે નીકળેલા અને સિક્કા ગામના પાટીયાથી એક કાર નં. જીજે ૧૦ ડીએ ૦૮૪૯માં બેસીને જામનગર આવતા હતા અને આ કારમાં અન્ય વ્યકિતઓ પણ બેસેલા હતા અનેબપોરના ૨.૩૦ થી ૨.૪૫ વાગ્યાની આસપાસના સમયે લાખાબાવળ ગામના પાટીયા પાસે આ કાર પહોંચેલ ત્યારે કારના ચાલકે અત્યંત બેફીકરાઇથી અને બેદરકારીથી ચલાવતા હોય અને ફુલસ્પીડમાં હોય તેથી કાર પરનો કાબુ ન રહેતાં કાર રોડથી નીચે ઉતરી ગયેલ અને પલ્ટી ખાઇ ગયેલ જેથી અમોને મોઢામા,માથામાં અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઇજા થયેલ ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પ્રથમ જી.જી. હોસ્પિટલમાં લઇ ગયેલ અને ત્યાં સારવાર કરેલ અને મોઢામાં ફેકચરો થયેલા હોય તેથી જામનગરના ડોકટર મેહુલ ખાખરીયાને માધવ ડેન્ટલ હોસ્પિટલમાં લઇ ગયેલ અને ત્યાં અંદરના દર્દી તરીકે તા.૨૦-૧૦-૨૧ થી તા.૨૧-૧૦-૨૧ સુધી દાખલ કરેલ અને ડાબી સાઇડના જડબામાં ફેકચરો તથા મેકસીલામાં ફેકચરો તથા જમણી આંખની ઉપર કપાળમાં ૧૦ ટાંકા લીધેલા. તેમજ ઓપરેશનો કરેલા

અનુ પાના નં.૨ પર

# વડત્રા લુંટના અપરાધમાં ફરિયાદપક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળ

ખંભાળીયા દ્વારકા હાઇવે પર તા. ૯-૭-૨૦૦૭ના રોજ રૂા. ૨૫ લાખની લુંટની ઘટના ફિલ્મી ઢબે બની હતી પોલીસ સમક્ષ જાહેર થયેલ અપરાધ મુજબ તા.૧૧-૭-૨૦૦૮ના વડત્રા ગ્રામીણ બેંકના કેશીયર તરીકે ફરજ બજાવતા બીપીનભાઇ હેમતલાલ વ્યાસ ખેડુતોને આપવાની ધિરાણની રકમના ચુકવણા માટે ખંભાળીયા બેંકમાંથી રૂા. ૨૫ લાખ ઉપાડી ભાડે કરેલી કારમાં ખંભાળીયાથી વડત્રા જતા હતા. આ કારમાં સાથે તેમના પટાવાળા પ્રવિણ મેઘજી પાણખાણીયા અને કારચાલક સાથે ફ્રન્ટી કારમાં સાથે તેમના પટાવાળા પ્રવિણ મેઘજી પાણખાણીયા અને કારચાલક સાથે ફ્રન્ટી કારમાં જઇ રહ્યા હતા ત્યારે મોવાણ ગામના પાટીયા નજીક રોડ પર તેમની કાર પહોંચતા પાછળથી પોલીસ ગાડીએ તેઓની કારને ઓવરરેઇટ કરી આડી નાખી દીધેલી. કારમાંથી એક વ્યકિત તલવાર સાથે બીજી વ્યકિત મરચાની ભુકી સાથે ત્રીજી વ્યકિત રીવોલ્વર સાથે આવેલ અને ફરીયાદી પ્રવિણની આંખમાં મરચાની ભુકી છાંટેલ અને તલવારથી કારના કાચ તોડેલા બાદમાં રૂા. ૨૫ લાખનો થેલો ફ્રન્ટી કારમાં પડેલો તે ઉપાડી આરોપીઓ તેમને પોલીસ કારમાં નાસી ગયેલા. આ ઘટનાની જાણ થતાં ખંભાળીયાના પી.એસ.આઇ. એમ.આર. નકુમ સ્થળ પર આવી ગયેલા અને ફરિયાદી તેમના પટ્ટાવાળા અને ડ્રાઇવર પાસેથી વિગતો મેળવેલી.

પોલીસે પોલીસી ગાડીના માલિકની વિગતો પ્રાપ્ત કરી પોલીસ ગાડીના માલીક નરેન્દ્રસિંહ પરમાર રહે. જામનગરવાળા અને પોલીસના ડ્રાઇવર કાસમ મામદ મોખાની ભાડા મેળવી જામનગર એલ.સી.બી.મારફત તેઓની પુછપરછ કરી લુંટના સમયે પોલીસમાં મેરામણ રાણા, પ્રકાશ બાબુભાઇ ચંદ્રશા અને બાલાભાઇ લાખાભાઇ હરણ ચારેય જણા હોવાનું તેઓએ આ દીલધડક લુંટને અંજામ આપ્યા હોવાનું થયેલ.

આ કેસ ખંભાળીયા સેશન્સ અદાલતમાં ચાલી જતા ફરીયાદ પક્ષે તપાસ દરમ્યાન ફરિયાદી જામનગરના પોલીસ અધિકારીઓ સહિત ચાલીસ સાક્ષી તપાસવામાં આવ્યા હતા. સમગ્ર હકીકતે આરોપીઓ સામેનો અપરાધ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલા હોવાનું ઠરાવી આરોપીઓને છોડી મુકવા હુકમ કરેલ આરોપીઓ તરફે વકીલ ડો. વી.એચ. કનારા, એન. એમ.ધ્રુવ, દિપક વ્યાસ, ધીરેન કનારા વિગેરે રોકાયા હતા.

# બેહ ગામે જુંગીવારા વાછરાભાની જાતરઃ ભવ્ય ઉજવણી

## ૨૦ હજાર જેટલા ભાવિકોએ વાછભાના ચરણોમાં શિશ ઝૂકાવ્યું





ખંભાળિયા તાલુકાના બેહ ગામે આવેલ જુંગીવારા ધામ ખાતે વાછરાભાના જાતરની દર વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રીના પ્રથમ સોમવારે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં વાછરા ભા ને નિવેદ્ય ચડાવીને ભવ્ય રીતે પરંપરાગત રીતે રાસ રમતનું આયોજન કરવામાં આવ્યુ હતું આ જાતર ની ઉજવણીમાં સૌરાષ્ટ્ર ભરમાંથી અઢારેય વર્ણના ૨૦ હજાર જેટલા ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ખંભાળીયા થી ૩૦ કિલોમીટર દૂર દ્વારકા હાઇવે પર જતા ૯ કી.મી બેહ ગામે જુંગીવારા વાછરાભાનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે અઢારેય વર્ણના આસ્થા પ્રતીક જુંગીવારા ધામ ખાતે નવરાત્રીના પ્રથમ સોમવારે જુંગીવારા વાછરાભા ના મંદિરે જાતર નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકો વેહલી સવાર થી જ દર્શનાર્થે ઉમટી પડ્યા હતા સાંજ સુધીમાં આશરે ૨૦ હજાર જેટલા ભાવિકોએ વાછરાભાના ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી આ જાતર માં સમસ્ત ચારણ ગઢવી સમાજ સહિત અઢારે વર્ણના લોકો જાતરની ઉજવણીમાં જોડાયા હતા જેમાં વાછરાભા ને નિવેદ્ય ચડાવીને ખીરની પ્રસાદી નો

અનુ પાના નં.૨ પર

# છેલ્લા બે મહિનાથી વિખૂટી પડેલ પીડિતાનું પુનઃ પરિજનો સાથે મિલન કરાવતી ૧૮૧ અભ્યમ ટીમ



જામનગર શહેર ખાતે કાર્યરત ૧૮૧ અભયમ હેલ્પલાઈન મહીલા ઓ માટે ખરાઁ અથઁમા આશીર્વાદરૂપ સાબિત થઇ રહી છે જેમાં,જાગુત નાગરીકે ૧૮૧ મહીલા હેલ્પલાઇન માં ફોન કરી મદદમાગેલી જણાવ્યુ હતું કે કોઈ મહિલા ૩થી ૪ દ્વિવસથી ધ્રોલ બસ સ્ટેન્ડમાં આંટા મારે છે ગભરાઈ હાલતમાં જોવા મળે છે જાગૃત નાગરિક દ્વારા પૂછતા કોઈ જવાબ આપેલ નહીં કશું નામ સરનામું જણાવેલ નહીં તેથી મદદની જરૂર છે. તુરંત જામનગર અભ્યમની ટીમના કાઉન્સેલર શીતલબેન સોલંકી પોલીસ કોન્સ્ટેબલ ગીતાબેન ધારવિયા, પાયલોટ સુરજીતસિંહ વાઘેલા સ્થળ પર પહોચી પીડિતાને આશ્વાશન આપવામાં આવેલ અને તેમનો વિશ્વાસ જીતી કુશળ કાઉન્સેલિંગ કરેલ જેમાં પીડિતા દ્વારા જણાવેલ તેઓ આશ્રમમાં રહે છે તેથી આસપાસના વિસ્તારમાં તપાસ કરતા આશ્રમના મહંતનો ફોન નંબર મેળવી વાત કરતા જણાવેલ પીડીતા બે દ્વિવસ પહેલા બપોરે આવેલને જમીને જતા રહેલા વધારે પૂછ પરછ કરતા જણાવેલ તેઓ જામનગરના મહાપ્રભુજીની બેઠક વિશે વાત કરતા હતા તેથી પીડિતાને લઈને મહાપ્રભુજીની બેઠક વિસ્તારમાં તપાસ કરતા પીડીતાના કોઈ પાડોશી મળી આવેલ જેમની પાસેથી પીડિતાનું એડ્રેસ મેળવેલ અને તેમના ઘરે લઈ ગયેલ.

# ઓપન જામનગર ટેબલટેનીશ ટુર્નામેન્ટ યોજાઇ

જામનગર ડીસ્ટ્રીકટ ટેબલટેનીસ એસો.દ્વારા તથા જામનગર બ્રહ્મસોશ્યલ ગ્રુપનાં સહયોગથી ઓપન જામનગર ટેબલટેનીસ ટુર્નામેન્ટ સુમેર કલબમાં યોજાઇ ગઇ. જેનું ઉદઘાટન શાસ્ત્રોકત વિધીથી સંસ્કૃત મંત્રોચ્ચાર સાથે શાસ્ત્રી મહેશભાઇ જોશી તથા રવિભાઇ જોશી (ગુરુજી) એ કરાવ્યુંહ તું. બન્ને સંસ્થાના પ્રમુખ વિક્રમસિંહ અને કીર્તીભાઇ કલ્યાણી (પ્રમુખ બ્રહ્મસોશ્યલ ગ્રુપ) ટેબલટેનીશ રમી ટુર્નામેન્ટનું ઓપનીંગ કર્યુ હતું. આ પ્રસંગે બ્રહ્મસોશ્યલ ગ્રુપના ફાઉન્ડર પ્રમુખ ડો. દેવાંશુભાઇ શુકલે ઉપસ્થિત રહી અને આર્થિક સહયોગ આપી સંસ્થાને પ્રોત્સાહન પુરું પાડ્યુ હતું. ડો. સુરેશ ઠાકર (બાળરોગ નિષ્ણાંત) જયેશભાઇ શાહ (ઉપપ્રમુખ જામ. ડીસ્ટ્રીકટ ટી.ટી.એસો.), અશ્વિનભાઇ પંડ્યા (કારોબારી ટી.ટી.એસો.) આનંદ દવે (પુર્વ પ્રમુખ બ્રહ્મસોશ્યલ ગ્રુપ), દિપાલીબેન પંડ્યા, દિપકભાઇ ત્રિવેદી (પ્રોજેકટ ચેરમેન), ઉપેન વ્યાસ, જીતેન્દ્ર જોશી, મનીશ રાવલ (સેક્રેટરી) જામનગર બ્રહ્મસમાજ જિલ્લા પ્રમુખ પ્રફુલભાઇ વાસુ, શહેર પ્રમુખ આશીષ જોશી, મંત્રી હિરેન કનૈયા, જય કલ્યાણી, તેમજ ઇનામવિતરણ વખતે રમણીકભાઇ શાહ (ટ્રસ્ટી ઓશવાળ એજયુ. ટ્રસ્ટ) ઉપસ્થિત રહી વિજેતાઓને ઇનામોમાં મેડલ તેમજ સર્ટીફીકેટ વિતરણ કરેલ હતા.

ટુર્નામેન્ટમાં વિજેતા થનારને (અગ્રીમ હરોળના પોઇન્ટસમાં રહેનારને) અમદાવાદ ખાતે યોજાનાર સ્ટેટ ચેમ્પીયનશીપમાં જે.ડી. ટી.ટી.એ દ્વારા સ્પોન્સર કરવામાં આવશે. જીતનાર ખેલાડીઓમાં ભવ્ય ઝાલા, પ્રજ્ઞેશ પરમમાર, રૂદ્ર ઉપાધ્યાય, રૌનક શાહ, નિલેશ વિઠ્ઠલાણી, મુખ્ય હતા. આ ટુર્નામેન્ટમાં જામનગર શહેર ઉપરાંત લાલપુર, સીદસરનાં ખેલાડીઓનું પ્રદાન ઉત્કૃષ્ટ હતું.

# ધીમી પરંતુ મક્કમ ચાલથી ભારત જગતગુરૂ બનવાની દિશામાં અગ્રેસર



થોડાં વર્ષોથી આપણે સાંભળીએ છીએ કે, ભારત જગતનું નેતૃત્વ લેવાની દિશામાં વિકાસ કરી રહ્યું છે. શ્રી અરવિંદે પણ કહ્યું હતું કે ભારત એ કોઈ જમીનનો ટૂકડો નથી-ચેતનાની ભૂમિ છે. ‘એક મહાન દિવ્યશક્તિ ભારતને ઉન્નતિના માર્ગ ચડાવી રહી છે. અમે માત્ર તે શક્તિની આજ્ઞાના પાલક છીએ.’ ‘રાષ્ટ્રમાં નારાયણનો અધ્યાત્મ અવતાર થઈ ચૂક્યો છે, દિવ્યશક્તિ કામ કરી રહી છે.’ આપણા ભારતમાં વેદો છે, ઉપનિષદો છે, મહાભારત-રામાયણ જેવાં મહાકાવ્યો છે. ગંગા-યમુના જેવી નદી માતાઓ છે. ગિરનાર જેવા પર્વત પિતાઓ છે. ચારધામ યાત્રાનાં કેન્દ્રો છે, આસ્થાનાં અનેક મંદિરો છે, ઠેરઠેર ગામેગામ, ઘરેઘર, હૃદયેહૃદય શ્રધ્ધાનાં કેન્દ્રો છે. ઊર્ધ્વગામી થતી ચેતનાની પ્રવાહિતા છે. જ્યાં પ્રકૃતિની પૂજા થાય છે-શક્તિની પૂજા થાય છે-જ્ઞાન પ્રદાન કરનારા સઘળા શાસ્ત્રો સરસ્વતીનો પર્યાય છે-એટલે ભારત જ્ઞાનનો ખજાનો ધરાવે છે. ‘ભારત’ શબ્દમાં જ પ્રકાશનો પુંજ ઝગમગે છે. પ્રત્યેક જીવ પ્રત્યે ભારતમાં સહાનુભૂતિ છે-કરૂણા છે. ભારત જગન્નાથની, જગન્નાથ ભારતની ઓળખ છે અથવા બંને એકમેકના પર્યાય છે એટલે જ જગતનું સારથિપણું એના ભાગે અવશ્ય આવશે અને તે નિભાવશે. ભારતની પાસે અધ્યાત્મનો ખૂબ લાંબો અનુભવ છે, એ અનુભવમાંથી ભારત ક્ષમતા કેળવીને દુનિયાને પોતાના અધ્યાત્મ અનુભવની નેતાગીરી કરવાનું છે તે વાતને અનુમોદન બનતું જાય છે. ભારતની ઊર્ધ્વચેતનાનો વિસ્તાર થતો જાય છે એ જોતાં ભારત-પ્રકાશવર્ષ બનવાની દિશામાં છે.

આપણા દેશની વિદ્યાપીઠો તો હરતી ફરતી, પ્રજામાં ભળી જતી વિદ્યાપીઠો હતી. સંત કબીર, નામદેવ, તુકારામ, તુલસીદાસ, ચૈતન્ય વગેરેના અસંખ્ય ભક્તો ગામેગામ ફરતા અને વેપારીઓની જેમ ગામેગામ પોતાનો માલ પહોંચાડતા, જ્ઞાન આપતા, એ રીતે વેદ, ઉપનિષદ અને બ્રહ્મવિદ્યા લોકોના કાન સુધી પહોંચ્યા. એવો જ્ઞાનનો માલ તૈયાર કરવાનાં કારખાનાં ભારતની પાસે છે. છેક વેદોથી શરૂ કરી છેક રવીન્દ્રનાથ સુધી એ ઉત્પાદનમાં ઓટ નથી આવી, આજે ય ઘરેઘરે જ્ઞાન છે. ભગવાનને કોઈ ભારતીય ભૂલ્યો નથી. ગરીબ હોય કે તવંગર એની સમજ પ્રમાણે એના મનમાં-હૃદયમાં ભગવાનને કોઈને કોઈ સ્વરૂપે સ્થાન છે જ. જે કંઈ કામ કરે તેમાં ઈષ્ટદેવનું સ્મરણ કરે છે-નિષ્ફળતાને સહન કરે છે. ‘ભગવાને ધાર્યું તે ખરું’ એવા વિધાનો કરે છે-એ શું દર્શાવે છે?

માણસ આખરે કોઈની કઠપૂતળી છે તેની સ્વીકૃતિ છે. એ કોની કઠપૂતળી છે-કોઈક કૃષ્ણની, કોઈક રામની, કોઈક બુદ્ધની, કોઈક રામકૃષ્ણની, કોઈક વિવેકાનંદની, કોઈક શાસ્ત્રોની, કોઈક વેદોની, કોઈક સંતની, કોઈક ધર્મની તો વળી કોઈક ગુરુની આંગળી પકડીને ચાલે છે-એ બધા આધારો ભારતીય છે. એવું કોઈ ગામ નહિ હોય, એવું કોઈ ઘર નહિ હોય, એવી કોઈ વ્યક્તિ નહિ હોય કે જેના અસ્તિત્વમાં કોઈને કોઈ શ્રધ્ધાનો દીવડો ઝગમગતો ના હોય! એ ભારત છે. બુધ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ અને વિવેકાનંદ એ બધા ઉપદેશકો ઈમાનદારી, પ્રામાણિકતા, નૈતિકતા, સત્ય અને અહિંસા, દયા અને પ્રેમની જ વાતો કહે છે. બધા જ ધર્મોના મૂળમાં પ્રેમ પડ્યો છે. આ સાચી દવા છે-ભારતમાં જ્યાં જ્યાં એ દવા સાચા અર્થમાં અસરકારકતા ઊભી કરે છે, તેની પૂજા થાય છે. આવી અસરકારકતા સમગ્ર જગત ઉપર ઊભી કરવાની છે-એ ભારત દ્વારા શક્ય બનશે. છેક સોળમા સૈકાથી શરૂ કરી આજ સુધીના પશ્ચિમના વિદ્વાનો, અભ્યાસીઓએ પણ એ વાતનો સ્વીકાર કર્યો છે. જોઈએ શ્રી અરવિંદ, વિવેકાનંદ જેવા પૂર્વના વિદ્વાનો પણ ભાખી ચૂક્યા છે.

**‘ભારત’ શબ્દમાં જ પ્રકાશનો પુંજ ઝગમગે છેઃ પ્રત્યેક જીવ પ્રત્યે ભારતમાં સહાનુભૂતિ-કરૂણા છેઃ ભારત જગન્નાથની અને જગન્નાથ ભારતની ઓળખ છે અથવા બંને એકમેકના પર્યાય છે એટલે જ જગતનું સારથિપણું એના ભાગે અવશ્ય આવશે અને તે નિભાવશે...!!**



સમય સંદેશ SPECIAL

## જુઓ, તત્વ ચિંતકો શું કહે છે? ભારત વિશે...

- **માઈકલ નોસ્ટ્રાડેમસઃ** ‘હિંદુ ધર્મ યુરોપનો શાસક ધર્મ બનશે. યુરોપનું પ્રખ્યાત મહાનગર હિંદુ રાજધાની છે.’
- **જોહાન કીથઃ** ‘આજે નહિ તો એક દિવસ આપણે હિંદુ ધર્મ સ્વીકારવો પડશે કારણ કે એ જ સાચો ધર્મ છે.’
- **લીઓ ટોલ્સટોયઃ** ‘હિંદુ ધર્મ અને હિન્દુઓ એક દિવસ આ દુનિયા ઉપર રાજ કરશે કારણ કે તે જ્ઞાન અને શાણપણનું મિશ્રણ છે.’
- **હ્યુસ્ટન સ્મિથઃ** હિંદુત્વ એ આપણા વિચારો અને હૃદયને હિંદુત્વ તરફ ફેરવી શકીએ તો તેનાથી આપણને ફાયદો થશે.
- **કોસ્ટા લોબાનઃ** ‘હિંદુઓ માત્ર શાંતિ અને સમાધાનની વાત કરે છે. હું ખ્રિસ્તીઓને વખાણ કરવા, બદલવા અને તેમાં વિશ્વાસ કરવા આમંત્રણ આપું છું.’
- **હર્બટ વેલ્સઃ** ‘જ્યાં સુધી હિંદુ ધર્મને સારી રીતે સમજાય નહિ ત્યાં સુધી કેટલી પેઢીઓ અત્યાચાર અને હત્યાઓનો સામનો કરશે? પરંતુ એક દિવસ હિંદુત્વથી પ્રેરિત થશે. ફક્ત તે જ દિવસે વિશ્વ માનવો માટે સ્થાયી થવા અને રહેવાનું સ્થળ બનશે.’
- **બર્નાર્ડ શોઃ** એક દિવસ આ દુનિયા હિંદુ ધર્મનો સ્વીકાર કરશે. હિંદુ ધર્મનું સાચું નામ સ્વીકારવાનો ઈન્કાર કરવાથી જ વ્યક્તિ તેના સિધ્ધાંતોને સ્વીકારશે. પશ્ચિમી દેશો ચોક્કસ એક દિવસ હિંદુ ધર્મ અપનાવશે.
- **આર્બર્ટ આઈન્સ્ટાઈનઃ** તે કરે છે જે યહૂદીઓ કરી શકતા નથી. તેણે તે જ્ઞાન અને શક્તિથી કર્યું હતું.’ પરંતુ માત્ર હિંદુ ધર્મમાં જ શાંતિ તરફ દોરી જવાની શક્તિ છે.
- **બર્ટ્રાન્ડ રસેલઃ** મેં હિંદુ ધર્મ વિશે વાંચ્યું છે. મને લાગે છે કે આ સમગ્ર વિશ્વમાં માનવજાતનો ધર્મ છે. હિંદુ ધર્મ સમગ્ર યુરોપમાં ફેલાયેલો છે. હિંદુ ધર્મનો અભ્યાસ કરતા ઘણા વિદ્વાનો યુરોપમાં દેખાશે. એક દિવસ એવી પરિસ્થિતિનો વિકાસ થશે જ્યાં માત્ર હિંદુઓ જ વિશ્વનું નેતૃત્વ કરે છે અને આ રીતે ભારત વિશ્વના દેશોનું નેતૃત્વ લેશે.

# જામનગર શહેરના માત્ર ૧૪ વર્ષના માસૂમનું હૃદયરોગના હુમલાથી નિધનઃ ભારે કલ્પાંત

કોરોનાકાળ બાદ હૃદયરોગનું પ્રમાણ વધ્યું હોવાનું સૌ કોઈ મહેસૂસ કરી રહ્યાં છે. વડીલો અને યુવાનો તો ઠીક, નાના-નાના બાળકોના પણ હૃદયરોગના હુમલાના કારણે મૃત્યુ થઈ રહ્યાં છે જે ખરેખર ચિંતાનો વિષય છે. શા કારણે ઍટેક આવી રહ્યાં છે? એ બાબતનું ખરેખર સજાગ રહીને યોગ્ય સંશોધન-નિરાકરણ કરવું અનિવાર્ય બની રહ્યું છે. નાના બાળકોના હૃદયરોગના હુમલાઓની કેસ વધી રહ્યાં છે, ત્યારે જામનગરમાં પુનઃ



તસવીરઃ જીતુ સોલંકી

એક બળકનું હૃદયરોગના હુમલાથી મોત થતાં ઘરમાં કલ્પાંત ઉઠ્યો છે.

જાણવા મળ્યાં મુજબ જામનગરના ખારવા ચકલામાં રહેતાં સંજયભાઈ સાચલાના માત્ર ૧૪ વર્ષના માસૂમ બાળક કુણાલનું અચાનક હૃદયરોગના હુમલાના કારણે મોત થતાં ન કલ્પી શકાય એવો કલ્પાંત ઉઠ્યો છે. નાના એવા ખારવા ચકલામાં આ ગોઝારો બનાવ બનતાં સમગ્ર વિસ્તાર અને જામનગર શોકમાં ડૂબ્યું હોય એવો ઘાટ ઘડાયો છે.

## કોરોનાકાળ બાદ ઍટેકના પ્રમાણમાં નોંધપાત્ર વધારો ચિંતાનું કારણ



તસવીરઃ જીતુ સોલંકી

## ખોદકામ દરમિયાન ગૅસ ગળતર

જામનગરના સાત રસ્તા પાસે આવેલ પેટ્રોલ પંપ પાસે બ્રીજના કામ દરમિયાન જેસીબી દ્વારા ખોદકામ ચાલી રહ્યું હતું આ વેળાએ ગૅસ લાઈનમાંથી લિકેજ થયું હતું જો કે કોઈ જાનહાનિ ન થતાં તંત્ર તથા જામનગરવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# જામનગરમાં આઠમ નિમિત્તે હવનનું આયોજન







તસવીરઃ જીતુ સોલંકી

જામનગરમાં ગઈકાલે ઠેર-ઠેર અષ્ટમીના હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રિના નવ દિવસ દરમિયાન જામનગરમાં માતાજીની આરાધના અને ગરબારૂપી સમગ્ર બ્રહ્માંડની પ્રદક્ષિણા શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવી હતી ત્યારે ગઈકાલે અષ્ટમીના દિવસે હવનનું આયોજન કરાયું હતું. આઠમના દિવસે પૂજા, ધૂપ-દીપ અને હવન તેમજ નૈવૈદ્યનું ખાસ મહત્વ હોય છે.

# વંદે ભારત તથા ભાવનગર અને જામનગરથી ઉપડતી ટ્રેનના સમયમાં ફેરફાર

## મુસાફરોને માટે તેમના અનુરૂપતાને ધ્યાને રાખીને આ ફેરફાર કરવામાં આવ્યો

ગુજરાતમાં રેલવે નેટવર્ક વધુ ઝડપી સુવિધા આપતુ થયુ છે. વંદે ભારત ટ્રેન અને એક્સપ્રેસ ટ્રેનની સુવિધાઓને લઈ મુસાફરી સરળ અને સલામતી સાથે ઝડપી પ્રાપ્ત થવા લાગી છે. જેમાં હજુ પણ અપડેટ સાથે સુધારા કરવામાં આવી રહ્યા છે.

આ દરમિયાન સૌરાષ્ટ્રના મુસાફરોને માટે મહત્વની ત્રણ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ભારતીય રેલવે દ્વારા વંદે ભારત ટ્રેન અને

અનુ પાના નં.૨ પર

# કનસુમરા પાસે આઈસર અને છકડાનો અકસ્માતઃ ઘાયલને જીજીમાં ખસેડાયો

જામનગરના કનસુમરા પાસે આઈસર અને છકડા વચ્ચે અકસ્માત સર્જાતા ઘાયલ થયેલાં વ્યક્તિને જીજી હૉસ્પિટલમાં ખસેડાયો હતો.

જાણવા મળ્યાં મુજબ જામનગરના કનસુમરા પાસે લૉડેડ આઈસરની પાછળ માલ ભરેલો છકડો રીક્ષા ધડાકાભેર ઘૂસી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને છકડો રીક્ષા પલટી મારી ગયો હતો જેના કારણે છકડાના ચાલકને ગંભીર ઈજાઓ થવા પામી હતી આથી ઘાયલને સારવાર અર્થે જામનગરની જીજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



તસવીરઃ જીતુ સોલંકી

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com